૩૫

૧/૭

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના
ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને
NIIT, JEE, PMT, GUJCATની પરીક્ષાની
પૂર્વ તૈયારી માટે કોચીંગ પેટે સહાય
રૂ.૩૦૦.૦૦ લાખ (પ્લાન) વર્ષઃ૨૦૧૪-૧૫

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/NB-૩૪૧./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૩/૨૦૧૫

25 MAR 2015

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૦૬-૮-૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/NB-૩૪૧./અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૯-૧૦-૨૦૧૪ નો સુધારા ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/NB-૩૪૧./અ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૯-૦૨-૨૦૧૫ નો સુધારા ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/NB-૩૪૧./અ.૧

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૦૪-૦૩-૨૦૧૫ નો પત્ર ક્રમાંક-વિજાક/શિક્ષણ/૨૦૧૪-૧૫/૭૭૦

**સુ ધા રા ઠ રા વઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની NIIT, JEE, PMT, GUJCAT ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ પેટે સહાય અંગેના વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧)ના તા. ૦૬/૦૮/૨૦૧૪ના ઠરાવ તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨) તથા (૩)ના અનુક્રમે તા.૨૯-૧૦-૨૦૧૪ તથા તા.૧૯-૦૨-૨૦૧૫ ના સુધારા ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને આગામી વર્ષની NIIT, JEE, PMT, GUJCAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી માટેની યોજના અમલમાં છે. નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ ખાતાના વંચાણ લીધેલ ક્રમાંકઃ (૪)ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ઉકત યોજના માટે વર્ષ-૨૦૧૪-૧૫માં ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ કે જેઓ માર્ચ-૨૦૧૫ની H.S.C.બોર્ડની / C.B.S.C. બોર્ડની ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપવાના હોય અને હાલ NIIT, JEE, PMT, GUJCATની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે જે તે સંસ્થામાં તાલીમ મેળવી/મેળવતા હોય તો તેની જાહેરાત આપી, અરજીઓ મેળવી ગ્રાન્ટની મર્યાદામાં આવેલ અરજીઓના ધો.૧૦ના ૭૦ ટકા કે વધુ માર્કસમાં મેરીટના આધારે રૂ.૨૦,૦૦૦/- કોચીંગ ફી સંસ્થાને/વિદ્યાર્થીઓને ચૂકવવા માટે કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે વર્ષ-૨૦૧૪-૧૫માં ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ કે જેઓ માર્ચ-૨૦૧૫ની H.S.C.બોર્ડની / C.B.S.C. બોર્ડની ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપવાના હોય અને હાલ NIIT, JEE, PMT, GUJCATની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે જે તે સંસ્થામાં તાલીમ મેળવી/મેળવતા હોય તો તેની જાહેરાત આપી, અરજીઓ મેળવી ગ્રાન્ટની મર્યાદામાં આવેલ અરજીઓના ધો.૧૦ના ૭૦ ટકા કે વધુ માર્કસમાં મેરીટના આધારે રૂ.૨૦,૦૦૦/-કોચીંગ ફી વિદ્યાર્થીઓને ચૂકવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

આ હુકમો વિભાગની ફાઇલ ક્રમાંકઃ- સશપ-૧૦૨૦૧૪-NB-૭૪૧-અ૧ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ની તા.૧૯-૦૩-૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ.ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી,અ, ગ, બ-શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.